પાનાં : ૩૯ કિંમત : રૂા. ૪-૦૦ * * તા. ૧૪ જૂન ૨૦૧૫ રવિવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાતા તંત્રી : સ્વ. શાંતિલાલ ન. શાહ ▸ સંવત ૨૦૭૧ શકે ૧૯૩૭ જેઠ વદ-૧૩ વર્ષ૮૯, અંક : ૧૬૨ ▸ ટે.નં.૩૦૪૧૦૦૦૦▸ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ. ખાનપુર, અમદાવાદ-૧ ▸ R.N.I. Reg. No. 1562/57/REG No. GAMC-09 Valid upto 31 Dec., 2017 Posting at A'bad RMS 1

સ્નાયુ તેમજ સાંધાના દુ:ખાવા માટે ક્રાંતિકારી શોધ

અમદાવાદ,શનિવાર

આજના સમયમાં, શરીરના સ્નાયુ અને હાડકાના રોગો જેમકે પીઠ અને ગરદનનો દુખાવો, સંધિવા, ઘુંટણ તથા અન્ય સાંધાના દુખાવો વગેરે, દરેક વ્યક્તિ માટે એક મોટી સમસ્યા બની ગઈ છે. દર વર્ષે વધતા જતા આ રોગો ઘણા લોકોની દૈનિક જીવનની કાર્યશૈલી અને ઉંઘમાં દખલ કરે છે. તાજેતરનાં દાયકામાં થયેલા જીવનશૈલીના ફેરફારો જેમકે માનસિક તણાવપૂર્ણ બેઠાળું જીવન, ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો વધતો જતો ઉપયોગ, અનિયમિત ઊંઘ વગેરેને કારણે સ્નાયુ અને સાંધાના દુ:ખાવાથી પીડાતા લોકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયેલ છે.

દર્દનાશક ગોળીઓ વધારે માત્રામાં કે લાંબા સમય સુધી લેવામાં આવે તો તે શરીરના મહત્વપૂર્ણ અંગો (કીડની, હૃદય, જઠર)ને નુકસાન કરે છે.

તદુઉપરાંત હાલમાં અને આવનારા દિવસોમાં વધતા જતા જીવનશૈલીને લગતા રોગો, જેમકે મેદસ્વિતા, ડાયાબીટીસ, વગેરેને કારણે પણ સાંધાના દુ:ખાવાથી પીડાતા દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા છે.

સ્નાયુ અને સાંધાનાં દુ:ખાવા માટે હાલમાં, વિવિધ પ્રકારની ટોપિકલ દર્દનાશક દવાઓ જેમ કે જેલ, ક્રિમ, એરોઝોલ સ્પ્રે, વગેરે ઉપલબ્ધ છે જે દુખાવાની જગ્યાએ ચોપડવામાં આવે છે, પણ એક અભ્યાસ પ્રમાણે આ પ્રકારની દવાઓ તેમની અપેક્ષા પ્રમાણે પીડામાંથી રાહત આપવામાં નિષ્ફળ નીવડે છે. તેનું મુખ્ય કારણ, તબીબી પુસ્તક 'ધ ગુડમેન એન્ડ ગીલ્મેન્સ ધ ફાર્માકોલોજીકલ બેસીસ ઓફ થેરાપ્યુટીક્સ'માં જણાવ્યા મુજબ, ટોપીકલ દવાઓની ચામડીના થરને ભેદવાની અક્ષમતા છે. તેથી જેલ, ક્રિમ, એરોઝોલ સ્પ્રે, વગેરે ચોપડ્યા પછી તેમાં રહેલી દવા સ્નાયુ અને સાંધાના ભાગ સુધી પહોંચી શકતી નથી. તેથી જ મોટા ભાગની જેલ, ક્રિમ, એરોઝોલ સ્પ્રેમાં ચામડી પર ચચરે તેવા ઘટકો જેમ કે મેન્થોલ,મિથાઈલ-સેલીસાયલેટ, કેપ્સેસીન વગેરે મેળવેલ હોય છે, જેથી દર્દીને લગાવ્યા પછી દોઢથી બે કલાક સુધી સારુ લાગે.

વધુમાં આ ટોપિકલ દવાઓની ચામડીને ભેદવાની અક્ષમતાને કારણે, પીડામાં અસરકારક રાહત આપવા માટે, ડૉક્ટરોને દર્દનાશક (પેઈનકીલર) ગોળીઓ આપવાની ફરજ પડે છે. Non-Steroidal Anti Inflammatory Drugs (NSAIDs) સામાન્ય રીતે વપરાતી અને સૌથી અસરકારક પેઈનકીલર ટેબલેટ છે, જે ગળ્યા પછી આંતરડામાંથી શોષણ થઈ શરીરમાં ફેલાય છે. તેમાંથી દવાની કેટલીક માત્રા સોજા અને દુ:ખાવાના ભાગે જઈ ત્યાં રહેલા રસાયણો જેમ કે પ્રોસ્ટાગ્લેન્ડિન ને અવરોધે છે, તેથી દુ:ખાવામાં રાહત થાય છે, પણ તે સાથે દવાની કેટલીક માત્રા શરીરના વિવિધ અંગો જેમકે કીડની, હૃદય, જઠર, વગેરેમાં જઈ ત્યાં રહેલ રક્ષણાત્મક રસાયણોને પણ અવરોધે છે, જે દવાની આડ અસરનું મુખ્ય કારણ બને છે. આ પ્રકારનાં oral NSAIDs, વધારે માત્રામાં કે લાંબા સમય સુધી લેવામાં આવે તો તે શરીરના મહત્વપૂર્ણ અંગો (કીડની, હૃદય, જઠર)ને નુકસાન કરે છે. ખાસ કરીને વૃદ્ધ લોકોમાં આ દવાની આડઅસરનું સૌથી વધુ જોખમ રહેલ છે.

તદ્ઉપરાંત મધ્યમ વયના લોકોમાં વધતા જતા ડાયાબીટીસ અને બીજા રોગો પણ દવાથી થતી આડઅસરનું જોખમ ખૂબ વધારે છે, આ બધી આડઅસરો છતાં ડૉક્ટરો અને દર્દીઓને અસરકારક પીડાની રાહત માટે oral painkiller પર આધાર રાખવો પડે છે.

ચામડીનાં સૌથી બહારના જાડા થરને ભેદી દવાને સ્નાયુ અને સાંધા સુધી પહોંચાડવી એ વર્ષોથી સંશોધનકર્તાઓ/વૈજ્ઞાનિકો માટે પડકાર રહ્યો છે. ભારતીય કંપની, ટ્રોઈકા ફાર્માસ્યુટિકલ્સએ આ પડકાર સ્વીકારી, વર્ષોના સંશોધન અને અભ્યાસ બાદ ડાયનાપાર ક્યુ.પી.એસ. સ્પ્રે તૈયાર કરેલ છે. ક્યુ.પી.એસ. એ ક્વિક (ઝડપી) પેનિટ્રેટીંગ (પ્રવેશ કરનાર) સોલ્યુશન માટેનું ટૂંકું નામ છે. આ સ્પ્રે ચામડીના બહારના મજબુત અને અવરોધરૂપ થરને ભેદી દર્દનાશક NSAID દવાને ઘણી ઊંચી માત્રામાં સ્નાયુ અને સાંધા સુધી પહોંચાડે છે. (જેના પુરાવા ઈન્ટરનેશનલ જર્નલ ઓફ ફાર્માસ્યુટીકલ સાયન્સ એન્ડ ડ્રગ રીસર્ચમાં પબ્લીશ થયા છે). આથી જે સ્નાયુ અથવા સાંધા પર ડાયનાપાર ક્યુ.પી.એસ. લગાવેલ હોય ત્યાં જ દવાની માત્રા વધારે રહે છે અને શરીરના બીજા અંગોમાં દવાની માત્રા ખૂબ ઓછી રહે છે, આ અસર, પેઈનકીલર ગોળીઓ કરતા વિપરીત છે. આમ ડાયનાપાર ક્યુ.પી.એસ. સ્પ્રે દુ:ખાવામાં રાહત તો આપે જ છે, પણ શરીરના બીજા અંગોને થતી આડઅસરથી બચાવે છે. સરવાળે ડાયનાપાર ક્યુ.પી.એસ. સ્પ્રેનો નિયમીત ઉપયોગ કરતા દર્દીને ઓરલ પેઈનકીલરની જરૂરિયાત ઓછી રહે છે, ઘણા દર્દીઓને તો ઓરલ પેઈનકીલર લેવાની જરૂર પડતી જ નથી.

ડાયનાપાર ક્યુ.પી.એસ.ની અસરકારકતા અને ઉપયોગીતાની પુષ્ઠિ ભારતના વિવિધ શહેરોનાં નામાંકિત ડૉક્ટરોએ પણ કરેલ છે. અર્થરાઈટીસ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા એ પણ ડાયનાપાર ક્યુ.પી.એસ.ને શ્રેષ્ઠ અસરકારક દવા તરીકે પ્રમાણિત કરેલ છે.

તાજેતરમાં 11 મે,ના રોજ યોજાયેલ

ભારતના વિવિધ શહેરોના નામાંકિત ડૉક્ટરોના મંતવ્ય મુજબ આડઅસર કરતી પેઈનકીલર ગોળીઓ ગળવાની જરૂરિયાત ઘટાડી શકાશે

ટેકનોલોજી દિવસના નિમિત્તે, મીનીસ્ટ્રી ઓફ સાયન્સ અને ટેકનોલોજી એ ડાયનાપાર ક્યુ.પી.એસ.ને રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરેલ છે.

આ નવું સંશોધન જીનીવા ખાતે દાખલ Patent Cooperation Treaty (PCT) અરજી ઉપરાંત ૯૦ કરતા વધારે દેશોમાં તબક્કાવાર રાષ્ટ્રીય અરજી દ્વારા સુરક્ષિત છે. તદ્ઉપરાંત યુરોપીયન દેશો, Commonwealth of Independent States (CIS), અને ૩૦ અન્ય દેશોમાં પણ આ સંશોધનની પેટન્ટ્સ મંજૂર કરવામાં આવી છે. બાકીના દેશોમાં પણ પેટન્ટ્સ કાર્યવાહી ચાલી રહી છે. પેટન્ટમાં દર્શાવેલ વૈજ્ઞાનિક વિગતો મુજબ ડાયનાપાર ક્યુ.પી.એસ. હાલમાં ઉપલબ્ધ પેઈનકીલર જેલ, ક્રીમ કરતા ઘણી વધુ અસરકારક છે.

હાલમાં ઉપલબ્ધ જેલ, ક્રીમ, એરોઝોલ સ્પ્રે પીડામાંથી રાહત આપવામાં નિષ્ફળ નીવડે છે જેને કારણે ડૉક્ટરો ને દર્દનાશક (પેઈનકીલર) ગોળીઓ પ્રીસ્ક્રાઈબ કરવાની ફરજ પડે છે